

**મોડાસાના મેઘરજ રોડ સર્કલ સામેના કોમ્પલેક્ષમાં આગ**

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ સર્કલ સામે નવીન નિર્માણ પામી રહેલ રિદ્ધિ સિદ્ધિ કોમ્પ્લેક્ષના બીજા માળે શ્રમિકો વસવાટ કરી રહ્યા છે. રવિવારે રાત્રીના સુમારે અચાનક શ્રમિકોના ઓરડામાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠતા ભારે અફડાતફડી મચી હતી. શ્રમિકોએ જીવ બચાવવા રીતસરની દોટ લગાવી હતી. આગથી શ્રમિકોના કપડાં અને માલસામાન બળીને ખાખ થઇ ગયો હતો. કોમ્પ્લેક્ષના બીજા માળેથી આગના લબકારા અને ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુથી દોડી આવેલા સ્થાનિકોએ આગ પર પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. નજીકમાં આવેલા પાર્ટીપ્લોટમાં ડાયરાની રમઝટ જામી હતી. તેવા સમયેજ નજીકના કોમ્પ્લેક્ષમાં આગ લાગતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. સદનસીબે જાનહાની ટળતા રાહત અનુભવી હતી.

## ધનસુરામાં બીએસએનએલના ધાંધિયા

ધનસુરા પંથકમાં છેલ્લા ૪૮ કલાકથી બી.એસ.એન.એલ.નું નેટવર્ક બંધ થતાં ગ્રાહકો પરેશાન થઈ ગયા છે. મોબાઈલ અને ટેલિફોનના ડબલા બંધ થઈ ગયા છે. ફરિયાદ કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ મળતો નથી. લોકો સગવડ માટે બી. એસ. એન.એલ.ના કાર્ડ લે છે ત્યારે વારંવાર નેટવર્કના ધાંધીયા રહેતા ગ્રાહકોને ન છૂટકે અન્ય કંપનીના કાર્ડ લેવાની ફરજ પડી છે. ટેલિફોન ઓફિસનો સંપર્ક કરતાં આગળથી લાઈન બંધ હોવાનો જવાબ મળે છે. જો ટુંક સમયમાં બીએસએનએલના ધાંધિયા બંધ નહિ થાય તો ધનસુરાના મોબાઈલ લેન્ડલાઈનના ગ્રાહકો ઉગ્ર આંદોલન કરશે.



**પ્રાંતિજ-તલોદ ખાતે ફ્લેગ માર્ચ યોજાઈ**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ ખાતે રેન્જ આઈજી, જીલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ કાફલા સાથે પ્રાંતિજ-તલોદ ખાતે સિરામીક ફેક્ટરીઓ સહિતના વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કર્યું હતુ. હિંમતનગરના ગાંભોઈના ઢુંઢરના ભાવપુરની ૧૪ વર્ષની બાળકી સાથે પર પ્રાંતિય યુવક દ્વારા કરવામાં આવેલ દુષ્કર્મના પડધા હજુ શાન્ત પડ્યા નથી જેને લઈને ફેક્ટરીઓમાં કામ કરતાં પર પ્રાંતિયો શ્રમિકોને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે. જેને લઈને પ્રાંતિજ-તલોદ ખાતે પણ ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા, સાબરકાંઠા એસપી ચૈતન્ય રવિન્દ્ર મંડલીક, ડેપ્યુટી એમ.ડી. ઉપાધ્યાય , વી.આર. ચાવડા સહિતની પોલીસ કાફલા દ્વારા પ્રાંતિજ-તલોદ ખાતે આવેલ સીરામીક ઝોન સહિતના વિસ્તારોમાં રાત્રીના સમયે ફલેગ માર્ચ કરી ફેક્ટરીઓમાં કામ કરતાં કામદારોને તાત્કાલિક પોલીસ સહાય માટે જિલ્લા પોલીસ સહિત નજીકના પોલીસ સ્ટેશનના હેલ્પ લાઈન નંબર પણ આપવામાં આવ્યાં હતા.

# મા ઉમિયાના દિવ્યરથના પ્રસ્થાનથી નવરાત્રીનો પ્રારંભ

અમદાવાદ, તા. ૮

સમગ્ર વિશ્વના કડવા પાટીદારોને એક તાંતણે જોડવા અને સમાજના છેવાડાના માનવી સુધી શિક્ષણથી લઈ આરોગ્ય સહિતની તમામ સેવા-સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાના ઉમદા આશયથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વૈષ્ણોદેવી સર્કલ પાસે ૧૦૦ વીઘા જમીનમાં આશરે રૂ. એક હજાર રોડના ખર્ચે વિશ્વકક્ષાનું પાટીદાર એમ્પાવરમેન્ટ હબ બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરાઈ રહ્યો છે, ત્યારે જગત જનની મા ઉમિયા પ્રત્યેની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવા અને સમાજની સામાજિક સમરસતા અને પ્રેમ-ભાઈચારો મજબુત બનાવવાના આશયથી પવિત્ર નવરાત્રી પર્વના પહેલા નોરતાથી તા. ૧૦મી ઓક્ટોબરના રોજ મા ઉમિયાના દિવ્યરથનું પ્રસ્થાન અને પરિભ્રમણનો ઉંઝાના સુપ્રસિદ્ધ ઉમિયા માતાજીના મંદિરેથી પ્રારંભ થશે. વિશ્વભરમાં આ પ્રકારની મા ઉમિયાની દિવ્યરથની સૌપ્રથમ પરિભ્રમણ યાત્રા હશે કે જે ગુજરાત રાજ્ય, ત્યારબાદ ભારત અને પછી વિશ્વભરમાં પોતાની દિવ્યતા અને મા ઉમિયાના આશીર્વાદની કૃપા વરસાવશે એમ અત્રે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના મુખ્ય સંયોજક સી.કે. પટેલ અને સંયોજક આર.પી. પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, પહેલા નોરતે તા. ૧૦મીએ વહેલી સવારે આઠ વાગ્યે મા ઉમિયાના દિવ્યરથમાં મૂર્તિનું સ્થાપન સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી પૂજા બાદ કરાશે અને તે પછી દિવ્યરથ અમદાવાદ આવવા પ્રસ્થાન કરશે. દિવ્યરથની સાથે ૭૦૦થી વધુ બાઈક, ૪૦૦થી વધુ કાર અને ૪૦થી વધુ લકઝરી બસ જોડાશે. દિવ્યરથના પરિભ્રમણ માર્ગમાં રસ્તામાં ઉનાવા મુકામે પાંચથી સાત હજારની વિશાળ જનમેદની મા ઉમિયાના દિવ્ય રથનું સ્વાગત-પૂજન કરશે. એ પછી મહેસાણા મુકામે બપોરે ૨.૩૦ વાગે ૨૫ થી ૩૦ હજાર જેટલા નગરજનો દ્વારા દિવ્યરથ અને મા ઉમિયાનું સામૈયુ કરી ભવ્ય સ્વાગત અને પૂજા કરાશે. એ પછી સાંજે ૪ વાગ્યે કલોલ ખાતે આઠ હજારથી વધુ લોકો મા ઉમિયાના દિવ્યરથના વધામણાં અને પૂજા કરશે.

ત્યારબાદ આ દિવ્યરથ જાસપુર-અમદાવાદ ખાતે જ્યાં મા ઉમિયાનું વિશ્વપ્રસિદ્ધ મંદિર આકાર પામનારૂ છે ત્યાં ઉમિયાધામની ભૂમિ પર આવશે. જ્યાં મા ઉમિયાની ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયુ છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના મુખ્ય સંયોજક સી.કે. પટેલ અને સંયોજક આર.પી. પટેલે વધુમાં ઉમેર્યું છે કે તા. ૧૫મી ઓક્ટોબરે સવારે ૯ વાગ્યે મા ઉમિયાનો દિવ્યરથ વિશ્વ ઉમિયાધામ, જાસપુરથી અમદાવાદના ચેનપુર, ન્યુ રાણીપ, રાણીપ, ચાંદલોડિયા, ગોતા, સાયન્સ સીટી, સોલા, ભાડજ, શીલજ, થલતેજ, બોડકદેવ, જોધપુર, પ્રહલાદનગર, વેજલપુર, વાસણા, પાલડી, આંબાવાડી, નારણપુરા, નવરંગપુરા, શાસ્ત્રીનગર, પ્રગતિનગર, વાડજ-નવા વાડજ, ઉસ્માનપુરા, સાબરમતી, મોટેરા સહિતના વિસ્તારોમાં પરિભ્રમણ કરી પૂર્વ વિસ્તારમાં પ્રસ્થાન કરશે. ત્યારબાદ માતાજીનો આ દિવ્યરથ અમદાવાદના આસપાસના જિલ્લાઓના ગામડાઓમાં પરિભ્રમણ કરી ત્યાંથી ઉત્તર ગુજરાત, એ પછી સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ત્યાંથી દક્ષિણ ગુજરાતમાં ફરી ત્યારબાદ ભારતભરમાં પરિભ્રમણ કરશે. ભારત દેશમાં મા ઉમિયાના દિવ્ય રથનું પરિભ્રમણ સંપન્ન થયા બાદ વિશ્વભરમાં તે પરિભ્રમણ કરશે. મા ઉમિયાના દિવ્યરથનું ગુજરાતમાં છ મહિના સુધી પરિભ્રમણ ચાલે તેવી શક્યતા છે.

# સબસીડીમાં ઘટાડો કરતા ઉગ્ર રોષ, મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરાશે

ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ખેડૂતો સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિમાં જી.જી.આર.સી. દ્વારા સબસીડી ૭૦ ટકાને બદલે ૪૫ ટકા કરતાં જિલ્લાના ખેડૂતોમાં ઉગ્રરોષની લાગણી પ્રવર્તી રહી છે. એકબાજુ દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે ત્યારે સરકારે સબસીડી ઘટાડી ખેડૂતોના માથે પડતા ઉપર પાટુ છે.

કુદરત રૂઠી છે સાથે સરકાર પણ ખેડૂતો માટે કોઈની સગવડ ઝુટવી રહી છે. સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિમાં જીજીઆરસીના માળખા મુજબ ઓછામાં ઓછી સાતેક વર્ષ ખેડૂત ફરીથી સિસ્ટમ બદલાવી શકે તેવી રચના જીજીઆરસીની છે. આમ આ તબક્કે અગાઉ જે ખેડૂતો પોતાની જમીન ઉપર સાતથી ૧૨ વર્ષ પહેલા એક વખત સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિની સબસીડી મેળવી હોય તો સરકાર બીજી વખત સબસીડી આપતી હતી જે એકાએક સરકારે ફરીથી ડ્રીપ વસાવે તેમાં ૭૦ ટકાને બદલે ૪૫ ટકા કરી નાખી છે. જેના લીધે ખેડૂતોમાં ભારે નારાજગી છે. હાલ નવી સિઝન બટાટા, જીરૂ, વરિયાળી, મકાઈ, શાકભાજી વગેરે પાકોની નવી સિસ્ટમની ખેડૂતોને જરૂરિયાત હોય ત્યારે સરકારે ૭૦ ટકાના બદલે ૪૫ ટકા સબસિડી અને ૧૨ ટકા જીએસટી ખેડૂતોને ભરવાનુ થતા ખેડૂતોની પરિસ્થિતિ વિકટ બનવાની સંભાવના છે.

અરવલ્લી જિલ્લાના અગ્રણી ખેડૂત જીતેશભાઈ તથા જિજ્ઞેશભાઈ પટેલની સાથે ચર્ચા કરતા તેમણે જણાવેલ કે જો સરકાર સબસીડીમાં વધારો નહિ કરે તો આગામી લોકસભાની ચૂંટણીમાં સરકારને નુકશાન જવાનો સંભવ છે. આ અંગે જીતેશભાઈ પટેલે પ્રતિનિધિ સાથે વાત કરતાં જણાવે છે કે આ અંગે અમે ટુંક સમયમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ લેખિત રૂબરૂ રજુઆત કરનાર છે.

# મોડાસા આર્ટ્સ કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ

મોડાસા, તા. ૮

ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ કે શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ.એમ.આર્ટ્સ કોલેજના ભૂતપૂર્વ કોલેજના પ્રથમ જીએસ અને ભૂતપૂર્વ શિક્ષણમંત્રી કરસનદાસ સોનેરી આર્ટસ કોલેજના પ્રથમ ગોલ્ડ મેડાલિસ્ટ સ્ટુડન્ટ, કટાર લેખક પ્રવિણભાઈ દરજી પૂર્વ રોશન કરનાર વિદ્યાર્થીઓને આજે સ્નેહમિલન યોજાયું હતું. જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ સામાજિક કાર્યકર નીલેશ જોષી, પ્રિન્સિપાલ ડોકટર દિપક જોષી અને




વિદ્યાર્થી મંડળના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ સંમેલન યોજાયું હતું. મોડાસા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રે નામના મેળવનાર અને મોડાસા શહેરનું નામ સમગ્ર દેશ અને વિશ્વમાં ગુંજતું કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નવાજવામાં આવ્યા હતા.

વિદ્યાનગરી તરીકે જાણીતા મોડાસામાં પ્રથમ આર્ટસ કોલેજ અને સાયન્સ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. આર્ટસ કોલેજ મોડાસાનું નામ ધારાસભ્ય દિલીપ સીજી પરમાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને પૂર્વ સરપંચ કેન્દ્ર સરકારની નંદઘરની યોજનાનું દેશભરમાં કામ કરનારા હિમાંશુ પટેલ અન્ય લેખકો કવિઓ કલાસવન ઓફિસરો વકીલો જેવા વિદ્યાર્થીઓ આપનારા આર્ટસ કોલેજ મોડાસા પદ્મ વિભૂષણ અને અને એવાએ એવોર્ડથી નવાજવામાં આવ્યા હોય એવા વિદ્યાર્થીઓને શિક્ષા આપનાર આર્ટસ કોલેજ મોડાસાનું નામ મોટા પ્રમાણમાં પુત્ર વિદ્યાર્થીઓ હાજર રહી અને પોતાની વાત રજૂ કરી હતી. ડોક્ટર ફેમિલી દરજીએ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ તરફથી જો કોઈ આર્ટસ કોલેજના નબળા અથવા ગરીબ વિદ્યાર્થી હશે તેમના માટે અમે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મદદરૂપ થઈશું તેવી જાહેરાત કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના મંત્રી સરોડા સ્કુલના ટીચર કમલેશ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું.



**ધનસુરા તાલુકાના દોલપુર ગામે સ્વચ્છતાનો કાર્યક્રમ**

ધનસુરા તાલુકાના દોલપુર ગામે સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે આજે જ્યારે દેશભરમાં સ્વચ્છતાના કાર્યક્રમો સરકાર ચલાવી રહી છે ત્યારે ધનસુરા તાલુકાના દોલપુર ગામે લોકોએ સૌએ મળીને ગામમાં સફાઈ કરી હતી. વડીલો યુવાનો સૌ કોઈ આ કાર્યક્રમમાં જોડાયા હતા અને ગામમાં સફાઈ કરી હતી. સરપંચ અંબાબેન નટુભાઈ દેસાઈ, ડેપ્યુટી સરપંચ નટુભાઈ વિનોદભાઈ દેસાઈ, પંચાયતના સભ્ય ચૌહાણ નવલભાઈ શિવાભાઈ, સોલંકી વિક્રમભાઈ વજાભાઈ, ગામના યુવા અગ્રણી ધવલભાઈ દેસાઈ સૌએ મળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આદ્યશક્તિ આરાધનાનુ પર્વ એટલે નવરાત્રી

નવરાત્રી એટલે નવ રાત્રીનો સમૂહ. આ દિવસો અને રાત્રિઓમાં દૈવીશક્તિ, નવદૂર્ગાની પૂજા અર્ચના, ભક્તિ થાય છે. જેથી ગુજરાતમાં આસો સુદ-૧ થી ૯ સુધીના શક્તિ ઉપાસનાના પર્વ નવરાત્રીનું મહાત્મ્ય વિશેષ હોઈ નવેનવ દિવસ આ તહેવાર ઉત્સાહ ઉમંગ અને ભક્તિભાવપૂર્વક હોંશે હોંશે દેશભરમાં ઉજવાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળમાં નવરાત્રીનું ખાસ મહત્વ છે. પરંતુ વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ નવરાત્રી પર્વની ઉજવણી કરે છે.

નવરાત્રીના પ્રારંભ પહેલાં ઠેર ઠેર નાની મટુકી કે ઘડા, ઘડુલીઓ વેચાય છે. આમાં નાના છિદ્રો હોય છે. કેટલીક માટલીઓ રંગબેરંગી બનાવેલી હોય છે. તેમાં પણ છિદ્રો કરેલા હોય છે. કુંભારયા પ્રજાપતિના ઘરેથી કે બજારોમાંથી લાવેલ આ માટીની વસ્તુની કિંમત રૂપિયામાં હોય છે. પરંતુ તેમાં શ્રદ્ધાપ્રેમ અને ભક્તિનો ભાવ આવતાં તે ગરબો કે ગરબી બની જાય છે. અને તે અલૌકિક સ્થાન ધરાવે છે. આમાં ધર્મનું આરોપણ થાય છે. તેમાં માતાજી મા શક્તિ બિરાજે છે. જે હાજરાહજૂર છે તેવો ભાવ ભાવિકોના મનમાં પ્રગટ થાય છે. આ ગરબામાં દિવડો મુકવામાં આવે છે અને એક જગ્યાએ મુકી નવ દિવસ સુધી તેની ઉપાસના કરાય છે. સવારે અને સાંજે માતાજીની આરતી ઉતારવામાં આવે છે. માતાજીના મંદિરોને રોશનીથી શણગારાય છે. માની મૂર્તિને રોજ નવા વસ્ત્રો, આભૂષણો પહેરાવાય છે. તેમજ સવારી પણ બદલાય છે. પોળો, મહોલ્લા, શેરીઓમાં ગરબાના પ્રતિકરૂપે માંડવી કાઢવામાં આવે છે. મંદિરોમાં રોજ ફૂલો, અગરબત્તી, ધૂપ, અત્તર, દિપમાળા વગેરેથી પવિત્રતા વધારાય છે.

## પ્રાંતિજ ખાતે સિનિયર સિટીઝન મંડળ દ્વારા સમુબા હિરક જયંતિની ઉજવણી

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિનિયર સિટીઝન મંડળ પ્રાંતિજ દ્વારા સમુબા હિરક જયંતિ ઉજવણી કરાઈ હતી. સિનિયર સિટીઝન મંડળના ૩૦૦થી પણ વધારે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ એકસપરિમેન્ટલ હાઈસ્કુલ ખાતે સિનિયર સિટીઝન મંડળ પ્રાંતિજ દ્વારા મંડળના પ્રમુખ સી.કે. પટેલના ધર્મપત્ની સ્વ. સમુબેનના નામે સમુબા હિરક જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સીનીયર સીટીઝન મંડળના ૭૫ વર્ષથી ઉપરના ૩૬ જેટલા મંડળના સભ્યોને શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમુબેન પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાજેતરમાં જ તેમનો પુત્ર સંજયકુમાર ચદુભાઈ પટેલ દ્વારા પીએચડી થતા તેવોનુ પણ સિનિયર સિટીઝન મંડળ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. મંડળના સભ્યોના આવતા જન્મદિવસને લઈને ફુલછડી આપી શુભેચ્છાઓ, શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. મંડળના પ્રમુખ સી.કે. પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, મહામંત્રી સમિષ્ઠાબેન ખમાર, મંત્રી અરવિદભાઈ પટેલ, સંગઠનમંત્રી પ્રસારાજા, ખજાનચી ધનજીભાઈ પટેલ, કારોબારી સભ્ય અરવિંદભાઈ રાવલ, ઈડર સિનિયર સિટીઝન મંડળના પ્રમુખ સહિત કારોબારી સભ્યો મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સંચાલન શર્મિષ્ઠાબેન ખમાર તથા ધનજીભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.




**ઓજશ્વિની, રાષ્ટ્રીય મહિલા પરિષદ અને સાબરકાંઠા કલ્યાણ આશ્રમ ટ્રસ્ટ દ્વારા મોડાસામાં આરોગ્ય કેમ્પ**

મોડાસા શહેરના ઓધારી મંદિરની બાજુમાં આવેલા સાબરકાંઠા કલ્યાણ આશ્રમ ટ્રસ્ટ ૐ ભવનના મેદાનમાં નિઃશુલ્ક આરોગ્ય નિદાન ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રકલ્પ ઈન્ડિયા હેલ્થ લાઈનના એમ્બેસેડર દ્વારા બ્લડપ્રેસર, ડાયાબિટીસ, ઓબીસીટી (જાડાપણું), બી.એમ.આઈ. (બોડી માસ ઈન્ડેક્સ)ની મફત સારવાર આપવામાં આવી હતી. આ નિઃશુલ્ક કેમ્પનો લાભ મોડાસા શહેર સહીત આજુબાજુ વિસ્તારના ૧૭૦થી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો. આરોગ્ય કેમ્પમાં એ.એચ.પી.ના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



મોડાસા તાલુકાના રાજપુર (બાકરોલ) ગામમાં મોડાસાના નાયબ પોલીસ અધિક્ષક ફાલ્ગુની પટેલે વીઝીટ કરી બહેનો સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. સુરક્ષા, સલામતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલાઓ સાથે મુક્તપણે ચર્ચા કરી હતી.

## વ્યાપક હિજરત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર તાલુકા પંચાયતના કોઈ ઠાકોર સમાજના સભ્યની ધરપકડના પગલે આ હુમલાઓમાં કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને ઠાકોર સેનાનો હાથ હોવાના તાણાવાણાં તૈયાર કરવામાં આવી રહ્યાં છે તો બીજી બાજુ કોંગ્રેસ નેતા અમીત ચાવડાએ આ હુમલાઓ માટે ભાજપ અને પોલીસને જવાબદાર ગણાવીને વળતા પ્રહારો કર્યા છે. પરંતુ હુમલાની આખી પેટર્ન કંઈક અલગ જ દર્શાવે છે. જો કે સરકાર કે પોલીસે હજુ એ ભંડાફોડ કર્યો નથી. પણ જેમને સત્તામાં ભાગ મળ્યો નથી, જેમને હાંકી કાઢવામાં આવ્યાં હોય કોઈ પોતાનું રાજકીય અસ્તિત્વ બતાવવીને નાક દબાવવા માંગતા હોય, જેઓ સત્તામાં છે પણ ખુરશી જતી રહેવાની બીક સતાવતી હોય તેવા કોઈ રાજકીય નેતા આ હુલાની પાછળ હોય તેવા અનેક તારણો અને નિષ્કર્ષો પર પહોંચવાનો પ્રયાસ સરકાર અને આઈબી તંત્ર કરી રહ્યું છે. યુપી બિહાર સહિત રાજસ્થાન અને મધ્યપ્રદેશના લોકો પણ ગુજરાતમાં પેટિયું રળે છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે ત્યારે એકબીજાની રાજકીય બાજી બગાડવા માટે ગુજરાતનો લોંચિંગ પેડ તરીકે ઉપયોગ કે દુરુપયોગ થઈ રહ્યો હોય તેમ વર્તુળોને હાલમાં લાગી રહ્યું છે. હુમલાઓ એટલા તીવ્ર છે કે રાષ્ટ્રીય સત્રે તેની અસરો શરૂ થઈ ગઈ છે.

## માર્ગ સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી પુર્ણ કરી દેવા ઝડપભેર આયોજન કરવામાં આવશે. વાઈબ્રન્ટ દરમિયાન માર્ગ સુધારણા ઉપરાંત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. માર્ગોના બ્યુટીફીકેશનનો પણ વિશેષ ખ્યાલ કરવા માટે પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જ્યારે નવા સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ થાય બાદ બાકી રહેતા સે-૬ થી ૮ માં રીંગ રોડનુ કામ હાથ ધરવામાં આવશે જો કે હજુ નવા સેકટરોમાં સે ૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી હોવાથી આ કામગીરી પણ ત્વરિત હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં વરસાદી દિવસોના અંતે હવે દશેરા બાદ માર્ગ સુધારણાની કામગીરી માટે પણ જરૂરી આયોજન કરવામાં આવશે.

## હિજરત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરપ્રાંતિયો પર આક્રોશ પ્રવર્તયો છે. ઘટનાના પગલે રાજયમાં શાંતિ ડહોળાઈ છે. સાબરકાંઠાના ઢુંઢરમાં બનેલી ઘટનાના પગલે પરપ્રાંતિયોને રાજય બહાર હાંકી કાઢવા માટે પ્રયાસો શરૂ થતા દિન પ્રતિદિન સ્થિતિ વણસી રહી છે. ચોક્કસ સમાજના યુવાનો પરપ્રાંતિયોને મકાનો ખાલી કરાવી તેમને ફેકટરી દુકાનો તેમજ મકાનમાં કામે નહીં રાખવા માટે આંદોલન શરૂ કર્યુ છે. જયારે છત્રાલ તેમજ ઝાંક જી આઈ ડી સી માં પણ અગાઉ હુમલાની ઘટના બની હતી. જયારે પરપ્રાંતિયોમાં પણ આ ઘટના બાદ ફફડાટ પ્રવર્તયો છે. પરપ્રાંતિયો અસુરક્ષા અનુભવી રહ્યા છે. ગુજરાતમા પેટીયુ રળવા આવેલા

પરપ્રાંતિયોઓએ પરિવાર સાથે હિજરત કરવાની ફરજ પડી છે. અસુરક્ષા સાથે કફોડી હાલતમાં મુકાયેલા પરપ્રાંતિયો હિજરત કરી રહ્યા છે. આજે પણ ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી ૨ હજાર જેટલા પરપ્રાંતિયોએ હિજરત કરી હતી. જેમાં ગાંધીનગર શહેર ઉપરાંત ફતેપુરા , બોરીજ, આદિવાડા અને ધોળાકુવામાં સ્થિત પરપ્રાંતિયોની વસાહત પણ હવે હિજરત કરી હોવાનુ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. જો કે આ મામલે કોઈ ચોક્કસ માહીતી મળી શકી નથી. પરંતુ પરપ્રાંતિયોની હિજરતથી સ્થાનિક કક્ષાએ ધમધમતા વેપાર ઉદ્યોગો પર માંઠી અસર થઈ છે. પરંતુ તંત્ર કક્ષાએથી હજુ સુધી કોઈ નક્કર આયોજન થયુ નથી. શાંતિ સમિતિની બેઠકથી વિશેષ આગળ કાંઈ થયુ નથી. બીજીતરફ ભયના ઓથા હેઠળ જીવતા પરપ્રાંતિયોમાં અસલામતીની ભાવના વધુ પ્રબળ બની છે.